PHULCHHAB - ~~LAST~~ BACK PAGE - 27-9-2007

# ગીર આસપાસ ખુલ્લા કૂવાને પાળા બાંધવાનું અનોખું અભિયાન

- રાજકોટના વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ અને વનખાતા વચ્ચે આ સંદર્ભે કરાર થયા
- ટ્રસ્ટ દ્વારા વન અધિકારી સ્વ. પી. પી. રાવલની સ્મૃતિમાં એવોર્ડ આપવાની જાહેરાત



રાજકોટ, તા. ૨૬: રાજકોટનું વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશન ટ્રસ્ટ વન્ય પ્રાણીનાં સંરક્ષણ માટે અને ખાસ કરીને ગીર જંગલ અને ગીરના સિંહ બાબતે લોકોમાં જાગૃતિ લાવવા પ્રયત્નશીલ છે. આ ટ્રસ્ટે અનોખું અભિયાન ઉપાડયું છે. જેમાં ગીર જંગલ આસપાસના પાળા વગરના કૂવા કે જેમાં પડી જવાથી સિંહ કે અન્ય વન્યપ્રાણીના મૃત્યુ થતા રહે છે તેવા ખૂલ્લા કૂવાને પાળા કરવાનું અભિયાન શરૂ કર્યું છે. વન વિભાગે આ અંગેની મંજૂરી અને સબસીડી આપી છે. આજે વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશન ટ્રસ્ટ અને વનવિભાગ વચ્ચે ગીર જંગલ આસપાસના કૂવાને પાળા કરવા સંદર્ભના કરાર થયા હતા. વન (જુઓ પાનું ૯)

દિવસે સાહિત્યકાર હરસૂર ગઢવી પણ હાજર હોવાથી બાપુની સાથે દુહા-છંદની રમઝટ બોલાવી હતી. સાહિત્યકાર સુરેશ દલાલે પોતાના જીવન વિશે અભિપ્રાય માંગ્યો તેનો દાખલો આપતાં મોરારિબાપુએ કહ્યું કે, હું મારા વિશે શું લખી શકું.

## કૂવા

વિભાગ સાથે કરાર કરનાર ગુજરાતનું પ્રથમ ટ્રસ્ટ હશે. આ કરાર સાથે કર્મનિષ્ઠ વન અધિકારી સ્વ. પી. પી. રાવલની સ્મૃતિમાં એવોર્ડ આપવાની જાહેરાત થઇ હતી.

આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશન ટ્રસ્ટના એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર કિશોરભાઇ કોટેચાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, વન વિભાગના ડીએફઓ રહી ચૂકેલા વન અધિકારી સ્વ. પી. પી. રાવલની સ્મૃતિમાં અને તેની પ્રેરણાથી રાજકોટના પ્રાણી પ્રેમીઓએ વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશન ટ્રસ્ટ શરૂ કર્યું. ૨૦૦૧ થી ૨૦૦૭ સુધીમાં સિંહના કૂવામાં પડવાના ૪૭ બનાવો બન્યા છે. જેમાંથી ૨૪ સિંહોના મૃત્યુ થયા છે અને ૨૩ સિંહને બચાવી લેવાયા છે. ગયા વર્ષના સર્વે અનુસાર ૮૭૭૮ કૂવા પાળા બાંધ્યા વગરના છે. કિશોરભાઇએ વધુમાં જણાવ્યું કે, આ કૂવામાં ખેડૂતો પાળા બાંધે તે મોટાભાગે બેલાનાં બાંધે કાં પથ્થરના બાંધે જેના કારણે ૨૦ થી ૫૦ હજાર જેટલો ખર્ચ થાય પણ અમે અમારા સહયોગી બિલ્ડર રમણીકભાઇ સાથે મળીને ઓછા ખર્ચે કેમ પાળા બને તેનું આયોજન કર્યું. હવે નવી પ્રકારે બનાવવામાં આવતા પાળાનો ખર્ચ ૮૪૦૦ થી ૧૦ હજાર રૂપિયા જેટલો થશે. જેમાંથી એક કૂવા દીઠ ૪ હજાર રૂપિયા સરકાર સબસીડી આપશે. અને એનો જ આજે કરાર થયો છે.

આ કરાર કરવા માટે ગીર જંગલની દલખાણિયા રેન્જના આરએફઓ અટારા ઉપસ્થિત રહ્યા હતા. આ પાળા બાંધવાનું કામ પાંચ દિવસથી શરૂ થઇ ગયું છે અને પાંચેક કૂવાને કાંઠા બંધાઇ પણ ગયા છે. અત્યારે ૧૦૧ કૂવાના કાંઠા બાંધવાનું એમઓયુ થયું છે પણ આ ટ્રસ્ટનો એવો નિર્ધાર છે કે આગામી એક વર્ષમાં એક હજાર કૂવાને પાળા બાંધવા. આગામી ચારેક વર્ષમાં આઠ હજાર ખુલ્લા કૂવાને પાળા બાંધવાનું લક્ષ્યાંક છે. સિંહ અને અન્ય દીપડા, નિલગાય જેવા પ્રાણીઓના મોતનું કારણ બનતા ખુલ્લા કૂવાના પાળા બાંધવાનો પ્રોજેક્ટ પૂર જોશમાં ચાલુ થયો છે.

વન અધિકારી સ્વ. પી. પી. રાવલની સ્મૃતિમાં તેમના નામનો એવોર્ડ જાહેર કરવા આ ટ્રસ્ટની વિચારણા છે ને આ માટે પણ મંજૂરીની પ્રક્રિયા ચાલુ છે. જો થોડા દિવસમાં જ મંજૂરી મળી જશે તો આ વર્ષની ૩૧ ઓક્ટોબરથી એવોર્ડ અપાશે. આ એવોર્ડ એવી વ્યક્તિઓને અપાશે જેણે ગીર જંગલ કે સિંહ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હોય અથવા નોંધપાત્ર કામ કર્યું હોય. આ ટ્રસ્ટની કામગીરીમાં યોગદાન આપવા કિશોરભાઇ કોટેચાનો ફોન નંબર ૯૮૨૪૦૬૨૦૬૨ ઉપર સંપર્ક કરવો.

## સુનિતાની શિખ

વ્યક્ત કરી હતી અને અમદાવાદની જ તાજ હોટેલના પેસેજમાં અડધી કલાક જેટલો સમય બાળકો સાથે વિતાવ્યો હતો. સુનિતાએ પ્રોજેક્ટ ઉપર હસ્તાક્ષર કરી શુભેચ્છા આપી હતી અને પ્રત્યેક બાળકોને તેના નામ સાથે ઓટોગ્રાફ આપ્યા હતા.

આ વિદ્યાર્થીઓમાં ૧૦ વિદ્યાર્થિનીઓ અને ૬ વિદ્યાર્થીઓ ગયા હતા. એમાંથી નિરાલી ખારેચા અને અદિતિ વઘાસિયા નામની વિદ્યાર્થિનીઓએ પ્રશ્ન પૂછયા હતા. સુનિતાએ પ્રશ્નના જવાબો આપતાં